# પ્રેસ નોટ

## ફ્રોડ(ફર્જી) સર્ટિફિકેટ ઘટસ્ફોટ (SI, MPHW, પશુધન નિરિક્ષક તથા એન્જીનિયરિંગ ડીગ્રી તથા અન્ય ફ્રોડ(ફર્જી) સર્ટિફિકેટ)

- અત્યાર સુધી લેવાયેલી આરોગ્ય વિભાગની MPHW - SI તથા અન્ય ભરતી વર્ષ ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૭ તથા તાજેતરમાં લેવાયેલી VMC, JMC, RMC, GMC, BMC, AMCની આરોગ્ય વિભાગની લેવાયેલી તમામ પરીક્ષામાં ગેરરીતિની પૂરેપૂરી સંભાવના (છેલ્લે લેવાયેલી ૨૦૧૭ની MPHWની ભરતીમાં ફ્રોડ સર્ટિફિકેટ્નો કેસ પણ થયેલ.
- આવનાર અન્ય ભરતી જેવી કે ગ્રામ સેવક, પશુધન નિરિક્ષક, લેબ ટેક, ઉર્જા વિભાગ તથા મેડિકલ ઑફિસર જેવી તમામ ભરતીમાં પણ આવા ફર્જી સર્ટિફિકેટ વાળા ઉમેદવારો આવી શકે તેવી સંભાવના છે.

## આરોગ્ય વિભાગની MPHW - SI ની ભરતી

- આ ભરતી માટેના રેગ્યુલર કોર્ષ એક વર્ષનો હોય છે. જેમાં મેડિકલ લાઇન સાથે સંકળાયેલા પ્રોફેસરો કોલેજમાં ભણાવતા હોય છે અને એક વર્ષના કોર્ષ પૈકી ઘણી બધી ફિલ્ડલક્ષી વિઝિટો કરાવતા હોય છે. પરંતુ આ ફ્રોડ સર્ટિફિકેટના ઇસ્યુમાં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનું ભણાવવામાં આવતું નથી. પરંતુ માત્ર ૪૦ જ દિવસમાં વિદ્યાર્થીઓ પાસેથી ફી પેટે ૭૦,૦૦૦થી પણ વધુ ઊચી રકમ લઈ એજન્ટો દ્વારા સીધું જ જે તે સરકારી નોકરી મેળવવા માટેનું ફ્રોડ સર્ટિફિકેટ આપી દેવામાં આવે છે અને આ ફ્રોડ સર્ટિફિકેટ બાબતે જે તે વિદ્યાર્થીને <u>ગુજરાત બહારની યુનિવર્સિટીમાં</u> માત્ર એક વાર બોલાવીને(અમુક કિસ્સાઓમાં બીજા રાજ્યોમા બોલાવામાં પણ આવતા નથી) તમામ રજીસ્ટરો ઉપર આખા વર્ષની સહી લઈ લેવામાં આવે છે અને ભવિષ્યમાં કોઈ ઇસ્યુ ન થાય તે માટે

“મહેનતું યુવાનોનો હુંકાર, ન્યાય અમારો અધિકાર”

# યુવા અધિકાર ન્યાય ચળવળ

#યુવા_શકિત_રાષ્ટ્ર_શકિત #યુવાહિત_રાષ્ટ્રહિત



એક જ દિવસમાં જે તે કોલેજમાં વિદ્યાર્થીને બેસાડીને પરીક્ષાના પેપર લખાવી લેવામાં આવે છે. (સિસ્ટમેટિક સ્કેમ)

- તાજેતરમાં જ ગુજરાત સરકારનાં પંચાયત વિભાગ બૉર્ડ દ્વારા MPHW, FHW, ગ્રામ સેવક જેવી ભરતી જાહેર થવાની છે ત્યારે આવા લે-ભાગુ તત્વો અને એજન્ટો ખૂબજ સક્રીય થયા છે.
- આવા ફ્રોડ સર્ટિફિકેટ લેનાર તથા વેચનાર લોકોને જો આગમી સમયમાં સરકાર દ્વારા રોકવામાં નહી આવે તો આની સીધી અસર ગુજરાતની આમ જનતાના આરોગ્ય સાથે થશે જેથી આવા લોકોને રોકવા તે ખૂબ જ જરૂરી છે.
- ફ્રોડ સર્ટિફિકેટ મુખ્યત્વે ગુજરાત બહારના રાજ્યો જેવા કે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, તમિલનાડુ, કર્ણાટક, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોના હોય છે.
- ગુજરાતમાં આવા ફ્રોડ સર્ટિફિકેટનો વેપલો કરનાર અસંખ્ય લોકો છે પરંતુ એમાનાં એક અસંખ્ય ફ્રોડ સર્ટિફિકેટ આપનાર **લોર્ડ ક્રિષ્ના ટ્રસ્ટ( આર. એમ. પટેલ)** ઉર્ફે રમેશભાઈ પટેલ જે હજારો વિદ્યાર્થીઓને ફ્રોડ સર્ટિફિકેટ આપેલ છે.

## ઊર્જા વિભાગ ફ્રોડ સર્ટિફિકેટ કૌભાંડ

- ઊર્જા વિભાગમાં ૧૦ તથા ૧૨ પાસ થયેલ વોદ્યાર્થીઓને રાજ્ય બહારની કોલેજોમાંથી એન્જીનીયરીંગના કોર્ષના ડિપ્લોમા અને ડિગ્રીના સર્ટી આશરે ૩,૫૦,૦૦૦માં લઈ આપી આ એજન્ટો મારફતે નોકરી લગાવવાનું રેકેટ ચાલી રહ્યું છે. ઊર્જા વોભાગમાં ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ની ભરતીમાં લાગેલા ઉમેદવારોના ડોક્યુમેન્ટ અને સર્ટી રાજ્ય બહારના કેટલા છે અને ક્યા વર્ષોમાં તેઓએ અભ્યાસ ત્યાં કર્યા તેની તપાસ થાય તો ખૂબ મોટું રેકેટ બહાર આવે તેમ છે.

સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723
પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, “શ્રી આશાપૂરા કૃપા” ગોંડલ, 360311.

- ઊર્જા વિભગમાં જે વર્ષોમાં તેઓને ડિગ્રી એન્જીનીયરીંગ કર્યુ તે વર્ષોમાં ગુજરાત રાજ્યમાં સરકારી B.A, B.com, B.sc કે અન્ય કોર્ષમાં સરકારી રેકોર્ડમાં એડમીશન લેધેલ છે કે નહી તે પણ તપાસનો વિષય છે.
- આ ખોટા સર્ટી આપનાર એજન્ટો અને ઊર્જા વિભાગમાં ઓનલાઇન ફ્રોડ કરી નોકરી અપાવનાર એજન્ટો એક બીજા સાથે સંકળાયેલ હોય છે અને ભેગા મળી આ રેકેટ નોકરી અપાવાનું રેકેટ ચલાવે છે.

## પશુધન નિરિક્ષક ૨૦૧૭-૧૮ની ભરતી કૌભાંડ

- જાહેરાત તારિખ – ૨૬/૦૭/૨૦૧૭
- જાહેરાત ક્રમાંક – ૧૩૪/૨૦૧૭-૧૮
- કુલ જગ્યા – ૪૦૦(સામન્ય વર્ગ – ૧૩૭+૬૭, અનુ. જાતી – ૧૯+૦૯, અનુ. જંનજાતી – ૪૦+૨૦, OBC – ૭૨+૩૬)
- અત્યાર સુધી રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી નિમણૂંક પામેલા ૬૦થી વધુ ઉમેદવારો.
- ૨૦૧૬માં લેવાયેલી પશુધન નિરિક્ષક આ જ રીતે ડોક્યુમેન્ટ સાથે છબરડા કર્યા હતાં જેને કારણે લાયક ઉમેદવારની ઘરે બેસવાનો વારો આવ્યો અને ગેરલાયક ઉમેદવાર પશુધન નિરિક્ષક તરીકે નોકરી કરી રહ્યા છે અને આ બાબતના સંલગ્ન ડોક્યુમેન્ટ બિડાણ કરેલ છે. પરીક્ષામાં અરજી કરવા માટે ઉમેદવારોએ લાયકાત ન ધરાવતા હોવા છતાં આવા ફ્રોડ સર્ટિફિકેટ ખરીદયા અને જે તે સમયે ફોર્મ ભરતી વખતે યુનિવર્સિટીની વિગતો ખોટી નાખી હતી અને નિમણૂક લેતી વખતે પણ ખોટા સર્ટિફિકેટ રજૂ કર્યા હતાં અને આવા ઉમેદવારોએ મોટા ભાગે આર. એમ. પટેલના સંપર્કમાં હતા.
- આ ઉમેદવારોએ ફોર્મ ભરતી વખતે અલગ વિગતો દર્શાવી, ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે વિગતો અલગ દર્શાવી અને ઘણા કિસ્સાઓમાં વર્ષ બદલાયા, યુનિવર્સિટી બદલાયી અને ટકાવારી પણ બદલાયી.
- ૬૦ ઉમેદવારો ગૌણસેવા પસંદગી મંડળના રિઝલ્ટ બાદ જાહેરાતમાં માન્યતા વગરના સર્ટીના કારણે નિયામક દ્વારા તેઓને ગેરલાયક ઠેરવામાં આવ્યા હતા.

- વહીવટી અધીકારી અને સર્ટીના એજન્ટ દ્વારા મીલીભગત કરી નિમણૂંક અપાવવા ઉપરોક્ત વિષયને કોર્ટમાં પડકારવામાં આવ્યાં.
- સર્ટીના એજન્ટ અને અધીકારીઓની મીલીભગત દ્વારા યુનિવર્સિટીના ચેકિંગના બહાને ઉત્તર પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, હિમાચલ, મણીપુર, રાજસ્થાન, મેઘાલયમાં પ્રવાસ કરી અને વિદ્યાર્થીઓના અભ્યાસની ખોટી પુર્તતા કરવામાં આવી....
- અધિકારીઓને વિશ્વાસમાં લઈ ખોટા સર્ટી આપતાં એજન્ટો દ્વારા જે તે ઉમેદવારો પાસેથી લાખો રૂપિયાનું ઉઘરાણું કરી આ ઉમેદવારોને નિમણૂંક પત્રક અપાવવાની જવાબદારી લેવામાં આવી હતી.
- લાઈવ સ્ટોક ઇન્સ્પેક્ટરની ઉપરોક્ત જાહેરાતમાં લાયકાત બાબતે માન્ય કોઇપણ વિશ્વ વિદ્યાલયમાંથી મેળવેલ પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલનનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અથવા પશુપાલનનો અથવા ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓછામાં ઓછા એક વર્ષનાં સમયગાળાનું પશુધન નિરીક્ષક અભ્યાસક્રમનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે તેવું જાહેરાતમાં દર્શાવવામાં આવ્યું છે.
- આ તમામ ૬૦ કે તેથી વધુ ઉમેદવારોએ 1 Year Diploma લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરના કોર્ષ કરેલ હતો તેવા સર્ટીના કારણે જે તે તારિખે તે ઉમેદવારોને નિયામક શ્રી દ્વારા ગેરલાયક ઠેરવામાં આવ્યા હતાં.
- આ તમામ ૬૦ ઉમેદવારો કોર્ટમાં કેસ દાખલ કરી યુનિવર્સિટી દ્વારા ખોટા સર્ટિફિકેટ આપી દીધા હતાં તેવા આધાર રજુ કરી J.S યુનિવર્સિટીમાંથી એજન્ટો સર્ટી બદલી લાવી કોર્ટને ગુમરાહ કરેલ.
- ગુજરાત સરકારની વિવિધ ભરતીમાં આ સર્ટીના એજન્ટો દ્વારા મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, હિમાલય, મણીપુર, મેઘાલય જેવા રજ્યોમાં ચાલતી યુનિવર્સિટીમાંથી પૈસા ભરી માત્ર ૪૦-૫૦ દિવસમાં ડિપ્લોમાં ડિગ્રી, નર્સીંગ L-I તથા અન્ય

સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723
પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, "શ્રી આશાપૂરા કૃપા" ગોંડલ, 360311.



- ઘણા કોર્ષનાં સર્ટિફિકેટ લાવી ગુજરાતમાં સરકારી નોકરીઓમાં ભરતી કરાવવાનો ખૂબ મોટું રેકેટ આ એજન્ટો મારફતે ચલાવવામાં આવી રહ્યું છે.

- એજન્ટો દ્વારા તમામ યુવાનોને ૧-૨ દિવસ માટે જે તે યુનિવર્સિટી પર મોકલી હાજરી પત્રકમાં સહી કરાવી બધા જ પેપર લખાવી લઈ અને જુની તારીખોમાં ફી જમા કરાવી લઈને જુની તારીખનાં જે-તે વર્ષનાં અને કોર્ષનાં સર્ટિફિકેટ બનાવવાના કારનામાં ચાલી રહ્યાં છે.
- પશુધન નિરિક્ષકની જાહેરાતમા જે ઉમેદવારોએ J.S. યુનિવર્સિટી ઉત્તર પ્રદેશ માંથી કોર્ષ કરેલના સર્ટિફિકેટ લાવેલ તે ઉમેદવારોના ફોર્મ આર. એમ. પટેલના E-mail ID અને તેમના સગાઓ અને એજન્ટોના ID દ્વારા ભરવામાં આવેલ છે જે સરકારી રેકોર્ડ પર પણ છે.


સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723

પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, "શ્રી આશાપૂરા કૃપા" ગોંડલ, 360311.



"મહેનતું યુવાનોનો હુંકાર, ન્યાય અમારો અધિકાર"

# યુવા અધિકાર ન્યાય ચળવળ

#યુવા_શકિત_રાષ્ટ્ર_શકિત #યુવાહિત_રાષ્ટ્રહિત



## ફ્રોડ સર્ટિફિકેટ આપનારની મોડસ ઓપ્રન્ડી

- સૌ પ્રથમ જ્યારે જ્યારે પરીક્ષાની જાહેરાત આવવાની હોય ત્યારે વર્તમાન પત્રમાં ફાસ્ટેડ કોર્ષ નામની જાહેરાત આપવામાં આવે છે
- વિદ્યાર્થીઓનો કોન્ટેક્ટ કરી વિદ્યાર્થીઓને થોડાક જ દિવસોમાં ફ્રોડ સર્ટિફિકેટ આપી દેવાની લોભ લાલચ આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ પાસેથી જે તે કોર્ષ માટેના ૭૦,૦૦૦થી પણ વધુ રકમ એક સાથે વસુલવામાં આવે છે.
- ત્યાર બાદ જે તે વિદ્યાર્થીને ફ્રોડ સર્ટિફિકેટ બાબતે એક વાર જે તે રાજ્યની યુનિવર્સિટીની મુલાકાત માટે કહેવામાં આવે છે જ્યાં તેમને માત્ર જે તે રજીસ્ટરમાં કોઈને પણ ગેરરીતિની જાણ ન થાય તે માટે આખા વર્ષની એક સાથે સહી લઈ લેવામાં આવે છે અને પરીક્ષા માટેના પેપર પણ જે તે દિવસે જ લખાવી દેવામાં આવે છે અને જે તે વિદ્યાર્થીને આઈકાર્ડ ઉપર પણ સહી લઈ લેવામાં આવે છે જેથી કરીને કોઈને પણ ગેરરીતિની આશંકા ન જાય તેવી રીતે ગેરરીતિ આચરવામાં આવે છે.
- જે તે વિદ્યાર્થીને જે સર્ટિફિકેટ આપવામાં આવે છે તે સર્ટિફિકેટ પાછલા વર્ષના આપવામાં આવતા હોય છે.
- જો કોઈ વિદ્યાર્થીએ ફ્રોડ સર્ટિફિકેટ માટે પૈસા આપી દીધા હોય, અને જો પરીક્ષાનું નોટિફિકેશન વહેલા આવી જાય તો સર્ટિફિકેટ આપવા પહેલા જે તે વિદ્યાર્થી પરીક્ષાનું ફોર્મ ભરવા માટેની વિગતો જેવી કે પરીક્ષાનું વર્ષ, ટકાવારી, બેઠક નંબર અને જે તે યુનિવર્સિટીનું નામ વિદ્યાર્થીઓને અગાઉથી આપી દેવામાં આવતા હોય છે.
- ફ્રોડ સર્ટિફિકેટ આપનાર માથી એક મુખ્ય વ્યક્તિ આર. એમ. પટેલ જે ગુજરાતના અલગ અલગ શહેર જેવા કે અમદાવાદ, મોડાસા, હિંમતનગર, લુણાવાડા, અરવલ્લી જેવા શહેરોમાં અલગ અલગ જગ્યા ઉપર આવા ફ્રોડ સર્ટિફિકેટ માટે ગોરખ ધંધા ખોલેલ છે.
- આર. એમ. પટેલ દ્વારા આવા ફ્રોડ સર્ટિફિકેટ છેલ્લા ઘણા વર્ષોથી ઘણા બધા વિદ્યાર્થીઓને આપેલા છે.

---

સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723
પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, "શ્રી આશાપૂરા કૃપા" ગોંડલ, 360311.



- આર. એમ. પટેલ દ્વારા આવા ફ્રોડ સર્ટિફિકેટ છેલ્લા ઘણા વર્ષોથી ઘણા બધા વિદ્યાર્થીઓને આપેલા છે.
- જે પૈકી તાજેતરમાં લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરતાં અને લાખો મહેનતુ વિદ્યાર્થીના હિતમાં આવા અસામાજીક તત્વોને ઉઘાડા પાડવા એમની કર્તુતોને અલગ અલગ લોકો દ્વારા વિડિઓ બનાવી કેપ્ચર કરેલ છે. જેમાનાં અમુક ફૂટેજ અમે આ પ્રેસ મિડિયાના માધ્યમથી વિડિઓ અને ઓડિઓ રજૂ કરીએ છીએ.
- અમારો હેતુ ફક્ત આવા લોકોને ઉઘાડા પાડવાનો છે. જેથી કરીને મહેનતુ, લાયક, હકદાર અને કાબીલ વ્યક્તિની પસંદગી થાય અને સામાન્ય જનતાના આરોગ્ય ન જોખમાય.

સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723
પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, ‘‘શ્રી આશાપૂરા કૃપા’’ ગોંડલ, 360311.



# એક અપીલ

- ઉપરોક્ત તમામ ફ્રોડ સર્ટિફિકેટ બાબતે જવાબદાર વ્યક્તિ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.
- અગાઉની પરીક્ષામાં ફ્રોડ સર્ટિફિકેટ વાળા જે પણ ઉમેદવારો હોઈ તેવા તમામ ઉમેદવારોને નોકરી માંથી છૂટા કરી તેની સામે યોગ્ય પગલાં લેવામાં આવે.
- ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને અપીલ છે કે જે તે ડિપ્લોમા કોર્ષ સરકાર માન્ય યુનિવર્સિટીની કોલેજોમાં જ કરવા વિનંતી અને જે તે પ્રાઇવેટ કોલેજોમાં જો આવા ડિપ્લોમા કોર્ષ ચાલુ હોય તો તે સરકાર માન્ય છે કે નહી તેની યોગ્ય તપાસ કરી એડમિશન લેવા વિનંતી.
- ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને અપીલ છે કે તમારા ધ્યાનમાં પણ આવા ફ્રોડ સર્ટિફિકેટ આપનાર વ્યક્તિ આવે તો તેવા વ્યક્તિને ઉઘાડા પાડવા વિનંતી.
- ગુજરાતમાં બહારના રાજ્યના પૈસા લઈ સર્ટી આપાવવામાં ભાવનગર, પાટણ, હિંમતનગર તથા વિગેરે શહેરોમાં એજ્યુકેશન કન્સલ્ટન્સી ખોલી આ ગોરખ ધંધા ચાલી રહ્યા છે. જેની તપાસ થવી ખૂબ જરૂરી બની છે.
- આ પ્રકારના કૌભાંડો રોકવા માટે જે તે સમયે કોલેજો અને યુનિવર્સિટીમાં ફી ની રકમ ડિમાંડ ડ્રાફ્ટ તથા ચેક મારફતે જ લેવામાં આવે જેથી જૂની તારીખોમાં ફી ની ખોટી રસીદો ના બને.

યુવરાજસિંહ જાડેજા(૯૦૯૯૪૦૯૭૨૩)

પ્રતિક આહિર(૯૨૨૭૭૦૬૧૮૧)



"મહેનતું યુવાનોનો હુંકાર, ન્યાય અમારો અધિકાર"

# યુવા અધિકાર ન્યાય ચળવળ

#યુવા_શકિત_રાષ્ટ્ર_શકિત #યુવાહિત_રાષ્ટ્રહિત



**Lord Krishna Academy**

**One and Only Place For 100% JOB**

+91 9998975258 +91 9428287328

LordKrishna409@gmail.com

## સરકારી નોકરી માટે ઉત્તમ તક
### (DIPLOMA CIVIL ENG.)

લાયકાત : ડિપ્લોમા સીવીલ એન્જીનીયરીંગ

ઉંમર : 33 વર્ષ (S.T., S.C., OBC અને મહીલાઓ માટે 38 વર્ષ)

આપ જો ઉપર મુજબની લાયકાત ધરાવતા હોય તો આગામી ટૂંક સમયમાં આપના માટે ગવર્મેન્ટ - જોબ માટે બેસ્ટ ચાન્સ છે. આ માટે અમારો સંપર્ક કરવાથી સરકારી નોકરી મેળવવી આસાન થઈ શકે તેમ છે. આ માટે ઉમેદવારોએ L.C., 10th નું પ્રમાણપત્ર, Diploma Civil Eng. ની માર્કશીટ વોટ્સઅપ દ્વારા મોકલ્યા બાદ જ એપોઈન્ટમેન્ટ મેળવીને જ રૂબરૂ મળવાનું રહેશે.

નોંધ : આર્થિક રીતે સક્ષમતા ધરાવતા ઉમેદવારોએ જ સંપર્ક કરવો.

સંપર્ક નં. : 9998975258, 9428287328

સરનામુ : 409, ચોથો માળ, પ્રમુખ ટેન્જેન્ટ કોમ્પલેક્ષ, સરગાસણ ચોકડી, ગાંધીનગર. (માત્ર ઉત્તર ગુજરાત, ગાંધીનગર માટે જ)

## સરકારી નોકરી માટે માહિતી

ફક્ત અલ્પ દ્રષ્ટિ (LV) / મંદ શ્રવણશક્તિ (HH 70% સુધી) ધરાવનાર માટે જ. લાયકાત : HSC / SSC પાસ કે સમકક્ષ વય : ૧૮ થી ૩૪ વર્ષ, SC / ST / SEBC / EWS માટે ૩૯ વર્ષ

રસ ધરાવનારે પોતાની માહિતી જેવી કે પુરૂ નામ, સરનામું, ઉંમર, જાતિ, ડીસએબીલીટી. શૈક્ષણિક લાયકાતની માહિતી કોરા કાગળ પર લખી ફોટો પાડી વોટ્સએપ દ્વારા મો. 8849710783 ઉપર મોકલી આપેથી લાયકાત ધરાવનાર યોગ્ય ઉમેદવારને સંસ્થા દ્વારા નોકરી મેળવવા યોગ્ય માર્ગદર્શન આપી મદદરૂપ થઈશું.

**લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ,** સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૭

## નોકરી માટેની જાહેરાત (મહિલા ઉમેદવાર માટે)

ભારત સરકારના વિવિધ ડિપાર્ટમેન્ટ હેઠળની અલગ-અલગ સેવાકીય પ્રવૃત્તિના સંચાલન કરવા માટે 100% અનુદાનીત પ્રોજેક્ટ પ્રપોઝ કરવા NGOને નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોની જરૂર છે. રસ ધરાવનારે ધો. 10, ધો. 12, LC, આધારકાર્ડ, Cast Certi., અનુભવ સર્ટી., તમામ વર્ષની માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ, ફોટોગ્રાફ્સ, મોબાઈલ નંબર, બાયોડેટા આ તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરી તા. 23.02.2022 નારોજ સાંજના 5.00 સુધી નીચે આપેલ ઈમેઈલ એડ્રેસ ઉપર મોકલી આપવાના રહેશે. જેના આધારે રૂબરૂ મુલાકાત માટેનો સમય આપવામાં આવશે.

12 પાસ..........................સંખ્યા : 210, સેલેરી : 13000 pm.
ગ્રેજ્યુએટ (કોઈપણ) ...........સંખ્યા : 240, સેલેરી : 19500 pm.
P.T.C. / B.ed. .................સંખ્યા : 380, સેલેરી : 19500 pm.
B.Sc. / M.Sc. ................સંખ્યા : 270, સેલેરી : 31500 pm.
Dipl. Civil / BE Civil.........સંખ્યા : 230, સેલેરી : 38090 pm.

નોંધ : ૧. મહિલા ઉમેદવારો એજ સંપર્ક કરવો.
૨. પુરૂષ અપંગ ઉમેદવારો પણ સંપર્ક કરી શકે છે.

લોર્ડ ક્રિષ્ના ટ્રસ્ટ

Email : rmpatel121@gmail.com; 2019outsourcing@gmail.com

## ઝડપથી નોકરી મેળવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્સ
### "હેલ્થ - સેનેટરી ઈન્સ્પેક્ટર"

લાયકાત : ધો. ૧૦ પાસ કે સમકક્ષ; ઉંમર : જનરલ માટે ૩૩ વર્ષ, અનામત સંવર્ગ માટે ૩૮ વર્ષ, મહીલાઓ માટે ૫ વર્ષની છૂટ.

જાહેરાત આવે તે પહેલાં રૂબરૂ મળી માહિતી મેળવો.

**લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ,** સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ.
મોડાસા, હિંમતનગર, લુણાવાડા અને અમદાવાદ ખાતે અગાઉથી કોલ કરી રૂબરૂ મળી શકાશે. M. 9825743744

સંપર્ક : યુવરાજસિંહ જાડેજા : 90994 09723
પત્ર વ્યવહાર સરનામું : 12/17 સ્ટેશન પ્લોટ, રમાનાથ હોસ્પીટલ સામે, "શ્રી આશાપૂરા કૃપા" ગોંડલ, 360311.